પંચમહાલના ઇકો ટૂરિઝમ કેમ્પ ખાતે ટ્રેકિંગનું આયોજન કરાયું

# IITGnનાં સ્ટાફે કુદરતના ખોળે માણ્યું લિપ્સ એન્ડ બાઉન્ડ


રોપ બ્રિજ વોકિંગ


રોક ક્લાઇમ્બિંગની મજા માણી

**રોક ક્લાઇમ્બિંગ, રોપ બ્રિજ વોકિંગ, ટ્રેકિંગ અને જંગલ કૂકિંગ જેવી એડવેન્ચર્સ એક્ટિવિટી કરી**



આઈઆઈટી ગાંધીનગર ખાતે કોલેજના સ્ટાફને રેગ્યુલર વર્કથી કંઈક અલગ કરવા માટે પ્રેરવા લિપ્સ એન્ડ બાઉન્ડ ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. પંચમહાલના ઈકો ટૂરિઝમ કેમ્પ ખાતે અરેન્જ કરવામા આવેલ આ ટ્રેનિંગથી ટીમ વર્કની સાથે સ્ટાફની સાથે વિતાવેલ યાદગારની ક્ષણો મેમરીમાં કેદ કરી શકાય તે હેતુથી આ કેમ્પ યોજાયો હતો. કોલેજના એકેડેમિક અને નોન એકેડેમિક સ્ટાફે પાર્ટિસિપેટ કરી એક્સર્સરસાઈઝની સાથે એડવેન્ચર એક્ટિવિટી પણ કરી હતી. જેમાં ગો કાર્ટિંગ, રોક ક્લાઈમ્બિંગ, રોપ બ્રિજ વોકિંગ, ટ્રેકિંગ અને જંગલ કૂકિંગ જેવી એડવેન્ચરસ એક્ટિવિટી કરી હતી. ઉપરાંત ફિલ્ડ એક્ટિવિટી, બર્ડ વોચિંગ, સ્વિમિંગ એન્ડ રેન બાથની મજા માણી હતી.



**Title:** IITGN enjoyed Leaps & Bounds in nature's lap
**Source:** Sandesh (City Life, Page no. 1)
**Link:** http://sandeshepaper.in/m/251110/5c11786de67c3
**Date:** 13-12-2018